# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*******************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણાના સાત દિવસના પ્રવાસે જશે.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોર્ડનની બે દિવસની સત્તાવાર મુલાકાતે અમ્માન પહોંચ્યા.

**3)** વિકાસ ભારત શિક્ષા અધિષ્ઠાન, બિલને ચકાસણી માટે સંસદની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યું.

**4)** નાણામંત્રી કહ્યું કે, ભારત 8.2 ટકાના વિકાસ દર સાથે સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બની રહ્યું છે

**5)** દેશભરમાં આજે વિજય દિવસની ઉજવણી.

**6)** રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપમાં મનુ ભાકર અને સિમરનપ્રીત કૌરએ સુવર્ણ ચંદ્રક જીત્યા.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણાના સાત દિવસના પ્રવાસે રવાના થશે.

કર્ણાટકમાં, રાષ્ટ્રપતિ આજે માલવલ્લી ખાતે આદિ જગદગુરુ શ્રી શિવરાત્રેશ્વર શિવયોગી મહાસ્વામીજીના ૧૦૬૬મા જયંતિ સમારોહનું ઉદ્ઘાટન કરશે.

આવતીકાલે શ્રી મુર્મુ તમિલનાડુમાં રહેશે, જ્યાં તેઓ વેલ્લોરના સુવર્ણ મંદિરમાં દર્શન અને આરતી કરશે. બાદમાં, તેઓ શિયાળાના પ્રવાસ માટે રાષ્ટ્રપતિ નિલયમ, બોલારમ, સિકંદરાબાદ પહોંચશે.

શુક્રવારે હૈદરાબાદમાં તેલંગાણા જાહેર સેવા આયોગ દ્વારા આયોજિત જાહેર સેવા આયોગના અધ્યક્ષો માટે રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે.

રાષ્ટ્રપતિ મુર્મુ શનિવારે હૈદરાબાદમાં બ્રહ્માકુમારી શાંતિ સરોવર દ્વારા તેની ૨૧મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત 'ભારતનું કાલાતીત જ્ઞાન: શાંતિ અને પ્રગતિના માર્ગો' વિષય પર એક પરિષદને પણ સંબોધિત કરવાના છે.

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોર્ડનની બે દિવસની સત્તાવાર મુલાકાતે અમ્માન પહોંચ્યા છે.

ગઈકાલે શ્રી મોદીએ અમ્માનમાં જોર્ડનના રાજા અબ્દુલ્લાહ બીજા બિન અલ હુસૈન સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી હતી . બંને દેશના

રાજદ્વારી સંબંધોના 75 વર્ષ પૂર્ણ કરવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બંને દેશ વચ્ચે ગાઢ ભાગીદારી પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## (બાઇટ– PM)

પ્રધાનમંત્રી મોદીએ આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરપંથીકરણ સામે જોર્ડનના દૃઢ વલણની પ્રશંસા કરી હતી, અને ભાર મૂક્યો હતો કે ભારત અને જોર્ડન આતંકવાદનો સામનો કરવા માટે સમાન અભિગમ ધરાવે છે.

ભારતીય પ્રધાનમંત્રી દ્વારા સાડત્રીસ વર્ષમાં જોર્ડનની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાતને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે ભારત અને જોર્ડન રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ ઉજવી રહ્યા છે.

## INDIAN EDUCATION AUTHORITY BILL

લોકસભામાં રજૂ કરાયેલા વિકાસ ભારત શિક્ષા અધિષ્ઠાન બિલ, 2025ને વધુ ચકાસણી માટે સંસદની સંયુક્ત સમિતિને JPC મોકલવામાં આવ્યું છે.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ગૃહમાં ગઈકાલે આ બિલ રજૂ કર્યું હતું જોકે, વિપક્ષના સભ્યોએ આ બિલનો વિરોધ કર્યો હતો.

વિકાસ ભારત શિક્ષા અધિષ્ઠાન બિલનો હેતુ યુનિવર્સિટીઓ અને અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને શિક્ષણ, શિક્ષણ-સંશોધન અને નવીનતામાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સશક્ત બનાવવાનો છે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે, વ્યાપાર સલાહકાર સમિતિની બેઠક દરમિયાન, ઘણા સાંસદોએ બિલ પર વ્યાપક પરામર્શ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, તેમની વિનંતીને ધ્યાનમાં લેતા, સરકારે વ્યાપક પરામર્શ માટે બિલને JPC પાસે મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

શ્રી રિજિજુએ સ્પીકરને સમિતિના બંધારણ માટે સભ્યોની નિમણૂક કરવા વિનંતી કરી.

# IMPROVEMENT SIR

મતદાર ખાસ સઘન સુધારણા SIR ના પ્રથમ તબક્કા હેઠળ ડ્રાફ્ટ મતદાર યાદી આજે પશ્ચિમ બંગાળમાં પ્રકાશિત કરવામાં આવશે.

ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત થાય તે પહેલાં, પંચે ખાસ યાદી નિરીક્ષકોની નિમણૂક કરી હતી. આ નિરીક્ષકોએ રાજ્યના ઘણા વિધાનસભા મતવિસ્તારોમાં SIR કાર્યની તપાસ કરી રહ્યા છે.

# ARMY - FAST- TRACK DRONES

ભારતીય સેનાએ ભૂમિ પ્રણાલીઓ માટે સ્વદેશી ડ્રોન ક્ષમતાઓને સક્ષમ બનાવવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

સિકંદરાબાદમાં 515 આર્મી બેઝ વર્કશોપ દ્વારા આ કાર્યનું સંકલન થશે. આજની ઓપરેશનલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેનુ ઉત્પાદન કરાશે.

આ સમજૂતી કરાર ડ્રોન ઉત્પાદનમાં ટેકનોલોજી ઇન્ફ્યુઝન પર ધ્યાન કેન્દ્રિત કરશે. IC એન્જિન-આધારિત ડ્રોન અને GPS- પ્રતિકૂળ વાતાવરણમાં કાર્ય

**કરવા સક્ષમ બને તે રીતે તેનું નિર્માણ કરાશે. સેનાએ જણાવ્યું કે, આ કરાર આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહિત કરે છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## FINANCE MINISTER

**નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે, ભારત 8.2 ટકાના વિકાસ દર સાથે સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બની રહ્યું છે, જ્યારે વૈશ્વિક વિકાસ દર 3.2 ટકા છે.**

**શ્રી સિતારમણે કહ્યું કે, દરેક વૈશ્વિક સંસ્થા ચાલુ નાણાકીય વર્ષમાં દેશ માટે તેમના વિકાસ દરનો અંદાજ વધારી રહી છે. નાણામંત્રીએ ગઈકાલે લોકસભામાં 2025-26 માટે ગ્રાન્ટ માટેની પૂરક માંગણીઓના જવાબ દરમિયાન આ વાત કહી હતી.**

દેશના અર્થતંત્ર અંગે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નકારાત્મક ટિપ્પણી પર જવાબ માંગવા બદલ વિપક્ષની ટીકા કરતા, નાણામંત્રીએ ભાર મૂક્યો કે ભારતને ત્રણ મુખ્ય વૈશ્વિક એજન્સીઓ - DBRS, S&P અને R&I તરફથી રેટિંગ અપગ્રેડ મળ્યું છે અને ઉમેર્યું કે ભારતે ટીકાકારોને ખોટા સાબિત કર્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત ઇલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ ગુડ્સ અને સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં નિકાસકાર તરીકે મોખરે રહયું છે.

નાણામંત્રીએ કહ્યું કે, વાસ્તવિક ઘરગથ્થુ વપરાશ દર્શાવે છે કે દેશની વસ્તીના નીચેના સ્તરના 40 ટકા લોકોની સંપતિ ટોચના 20 ટકા કરતા નોંધપાત્ર રીતે વધી રહી છે.

## AUSTRALIA FIRING

ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રીય મંત્રીમંડળની બેઠકમાં સિડનીના બોન્ડી બીચ પર થયેલા અંધાધૂંધ ગોળીબાર બાદ બંદૂક કાયદાની પુનર્વિચારણા કરીને તેન વધુ કડક બનાવવા માટે નિર્ણાયક પગલાં લેવા સંમત થયા હતા.

સાંભળીએ એક અહેવાલ.........

(V/C – PRASHANT)

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ પેની વોંગ સાથે ટેલિફોનિક વાતચીત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, મંત્રીએ કહ્યું કે વાતચીત દરમિયાન, તેમણે બોન્ડી બીચ આતંકવાદી હુમલા અંગે ઊંડા શોક વ્યક્ત કર્યો અને તેમનો સંપૂર્ણ ટેકો આપ્યો.

# REV. NIA-PAHALGAM ATTACK

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ ગઈકાલે જમ્મુની ખાસ NIA કોર્ટમાં 22 એપ્રિલના રોજ થયેલા પહેલગામ આતંકવાદી હુમલાના કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે.

આ કેસમાં પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા અને તેના સહયોગી, ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ સહિત સાત આરોપીઓને આતંકવાદી સંગઠન તરીકે ચાર્જશીટ કર્યા છે.

NIAએ ચાર્જશીટમાં કહ્યું છે કે લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદ અને TRFના વડા હબીબુલ્લાહ મલિક, જેને સાજિદ જટ્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે તે 22 એપ્રિલના રોજ પહેલગામના બૈસરન ઘાસના મેદાનોમાં થયેલા હુમલાનું કાવતરૂ ઘડવામાં સામેલ હતા.

1,597 પાનાની ચાર્જશીટમાં પાકિસ્તાની આતંકવાદી હેન્ડલર સાજિદ જટ્ટનું પણ આરોપી તરીકે નામ આપવામાં આવ્યું છે.

# VIJAY DIVAS

૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની જીતની યાદમાં આજે દેશભરમાં વિજય દિવસની ઉજવણી કરાશે. દર વર્ષે 16મી ડિસેમ્બરે, રાષ્ટ્ર સેવા બહાદુરોના બલિદાનને યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે.

૧૯૭૧માં આ દિવસે પાકિસ્તાની સેનાના વડા જનરલ એ.એ. ખાન નિયાઝીએ ૯૩ હજાર સૈનિકો સાથે ભારતીય સેના અને મુક્તિ બહિની સહિત સાથી દળો સમક્ષ બિનશરતી આત્મસમર્પણ કર્યું હતું. યુદ્ધના અંતમાં પૂર્વ પાકિસ્તાનનું બાંગ્લાદેશમાં વિભાજન થયું હતું અને બાંગ્લાદેશ એક સ્વતંત્ર દેશ બન્યો હતો.

## SHOOTING

નવી દિલ્હીમાં ખાતે યોજાયેલી 68મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધાઓમાં મનુ ભાકર અને સિમરનપ્રીત કૌરએ સુવર્ણ ચંદ્રક જીત્યા.

મનુ ભાકર સિનિયર મહિલા 25 મીટર સ્પોર્ટ્સ પિસ્તોલ ઇવેન્ટમાં વિજેતા બની હતી, જયારે સિમરનપ્રીત કૌર જુનિયર મહિલા 25 મીટર સ્પોર્ટ્સ પિસ્તોલ ઇવેન્ટમાં જીત મેળવી.

મનુએ ફાઇનલમાં 36 પોઇન્ટ મેળવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો, જુનિયર મહિલા 25 મીટર સ્પોર્ટ્સ પિસ્તોલ ફાઇનલમાં, સિમરનપ્રીત કૌરએ 39 પોઇન્ટ મેળવીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

કર્ણાટકની દિવ્યા ટી.એસ.એ રજત ચંદ્રક જીત્યો અને અંજલિ ચૌધરીએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

# CRICKET - U-19 IND MALAYSIA

અંડર-૧૯ એશિયા કપ ક્રિકેટમાં, ભારત આજે દુબઈના સેવન્સ સ્ટેડિયમ ખાતે પોતાના ત્રીજા ગ્રુપ-સ્ટેજ મેચમાં મલેશિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થશે.

રવિવારે દુબઈમાં બીજી મેચમાં પાકિસ્તાનને ૯૦ રનથી હરાવનાર ભારત પોતાનો વિજય ક્રમ યથાવત રાખવાનો પ્રયાસ કરશે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારો એ મનરેગાના નવા નામકરણની હેડ લાઈન બનાવી છે, ગુજરાત સમાચાર એ લખ્યું છે ઓલ્ડ વાઇન ઇન ન્યુ બોટલ મનરેગા રદ ગાંધીજીની બાદબાકી
- નવ ગુજરાત સમયે લખ્યું છે મનરેગા નું નામ બદલાશે ગાંધીજીનું નામ હટાવવા સામે કોંગ્રેસનો વિરોધ
- દિવ્યભાસ્કર એ લખ્યું મનરેગા હવે જી રામજી.... સરકારે નામ બદલ્યું 125 દિવસ શરતી કામ મળશે
- ઓસ્ટ્રેલિયામાં થયેલા આતંકી હુમલા અંગે ગુજરાત સમાચાર લખે છે બોન્ડી બીચ પર પાકિસ્તાની આતંકી પિતા પુત્રએ માત્ર યહૂદીઓને નિશાન બનાવ્યા